| GJVD050021762025 | | પ્રાપ્તિ તારીખ | ૦૯/૧૦/૨૦૨૫ | | |
|---|---|---|---|---|---|
| | | દાખલ તારીખ | ૦૯/૧૦/૨૦૨૫ | | |
| | | ફેંસલ તારીખ | ૧૪/૦૫/૨૦૨૬ | | |
| | સત્યમેવ જયતે | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | | | |

**મહે. એડી. ચીફ જયુ. મેજી. સાહેબની કોર્ટમાં, સાવલી**

***ગુના મુકદમા નં.૧૫૬૩/૨૦૨૫***

*આંક–*

*ફરિયાદીઃ– શ્રી સરકાર*

*// વિરૂધ્ધ //*

*આરોપી :–* **સેકેન્દ્રકુમાર ઉમેશ્વર મહતો**
રહે. બરડી, તા. સીકંદરા, જી. જમુઇ (બીહાર)
હાલ રહે. આતી એસ્ટેટ બરોડા રોડ ટાઉન સ્કવેર નજીક, હાલોલ, તા. હાલોલ, જી. પંચમહાલ

**ભારતીય ન્યાય સંહીતાની કલમઃ– ૨૮૧,૧૨૫(એ)(બી), ૧૦૬(૧)**
**તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪ મુજબ...**

| | |
|---|---|
| **ફરિયાદી તરફે એ.પી.પી. શ્રી** | પી. એમ. રાઠોડ |
| **આરોપી તરફે વિ.વ. શ્રી** | ડી.જે. રાઠોડ |

**જજમેન્ટ**

(૧) ફરીયાદપક્ષની ટુંકમાં વિગત હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૦/૦૫/૨૦૨૫ ના કલાક ૧૭-૧૫ વાગ્યે મોજે તુલસીપુરા ગામની સીમમાં સાવલી-હાલોલ જવાના રોડથી તુલસીપુરા તરફ જવાના રોડ ઉપર પોતાની હાયડ્રા ક્રેન નં. જીજે.૦૬. ડીએચ. ૩૧૮૯ ની પુરઝડપે બેફીકરાઇ અને ગફલતભરી રીતે હંકારી મો.સા. નં. જીજે.૦૬.એલએમ. ૭૮૫૧ ને સામેથી અથાડી એકસીડન્ટ કરી લોકેશ ઉર્ફે સોનુ લાલુાઇ ધારવેનાઓને છાતીના જમણા ભાગે તથા પેટમાં તેમજ માથાના ભાગે ગંભીર ઇજાઓ પહોંચાડી સ્થળ ઉપર મોત નિપજાવી તથા સાહેદ સંદીપ બબલુ ધારવેનાને જમણા પગે પંજા ઉપર ગંભીર ઇજાઓ પહોંચાડી પોતાના કબજાની ક્રેન સ્થળ ઉપર મુકી નાસી જઇ **ભારતીય ન્યાય સંહીતાની કલમઃ- ૨૮૧,૧૨૫(એ)(બી),૧૦૬(૧) તથા એમ.વી. એકટની કલમ - ૧૭૭,૧૮૪,૧૩૪** મુજબનો ગુનો કર્યો હોવાની હાલની ફરીયાદ ફરીયાદીએ લખાવેલ જે ફરીયાદ સાવલી પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૭૦૪૭૨૫૦૪૨૯/૨૦૨૫ થી નોંધી તપાસ કરનાર અમલદારે આરોપીઓ વિરુધ્ધ તપાસ કરી તપાસના અંતે અત્રેથી અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આ કામના આરોપીને અત્રેની કોર્ટ દ્વારા સમન્સ ઇશ્યું કરવામાં આવેલ, આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેઓને ભારતીય ન્યાય સુરક્ષા સંહિતાની કલમ ૨૩૦ મુજબ પોલીસ પેપર્સની તમામ નકલો વિનામુલ્યે પુરી પાડવામાં આવેલ છે અને ગુન્હા અંગે સમજ આપી

આંક–૦૪ થી તહોમતનામું ફરમાવી આંક–૦૫ થી પ્લી રેકર્ડ કરવામાં આવતાં આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરેલ ત્યારબાદ સદર કેસ ફરીયાદપક્ષના પુરાવા પર મુલત્વી રાખવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ કરેલો છે.

**– : મૌખીક પુરાવો :–**

| નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી સુખલાલ મનસીયાલાલ મંડલોઈની જુબાની | ૦૮ |
| ૨ | સાહેદ બબલુ બગળીચાભાઇ ધારવેની જુબાની | ૧૦ |
| ૩ | સાહેદ લાલુભાઇ ભાગડીયા ધારવેની જુબાની | ૧૪ |

**–: દસ્તાવેજી પુરાવા :–**

| નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૦૯ |
| ૨ | મરણોત્તર પંચનામું | ૧૧ |
| ૩ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું | ૧૫ (એ) |
| ૪ | સ્થળ પરીક્ષણ અહેવાલ | ૧૫ (બી) |
| ૫ | પી.એમ. નોટ | ૧૫ (સી) |
| ૬ | સાહેદ સંદીપનું ઈજાનું પ્રમાણપત્ર | ૧૫ (ડી) |
| ૭ | એકસીડન્ટ રીપોર્ટ ફોર્મ | ૧૫ (ઈ) |
| ૮ | એકસીડન્ટ રીપોર્ટ ફોર્મ | ૧૫ (એફ) |

ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૧૨ થી કલોઝીંગ પુરસીસ રજુ કરતાં ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ કરવામાં આવેલ છે.

ત્યારબાદ ફરિયાદ પક્ષે રજુ થયેલ પુરાવા જોતા આરોપીનુ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ– ૩૫૧ અન્વયે વિશેષ નિવેદન લેવું જરુરી જણાતું ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૩.૧) ત્યારબાદ વિ. એ.પી.પી. તથા આરોપી પક્ષે વિ.વકીલશ્રીની મૌખીક દલીલો સાંભળવામા આવી.

(૪) ફરીયાદીની ફરીયાદ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓ**

૧. શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૦/૦૫/૨૦૨૫ ના કલાક ૧૭–૧૫ વાગ્યે મોજે તુલસીપુરા ગામની સીમમાં સાવલી–હાલોલ જવાના રોડથી તુલસીપુરા તરફ જવાના રોડ ઉપર પોતાની હાયડ્રા ક્રેન નં. જીજે.૦૬. ડીએચ. ૩૧૮૯ ની પુરઝડપે બેફીકરાઈ અને ગફલતભરી રીતે હંકારી મો.સા. નં. જીજે.૦૬.એલએમ. ૭૮૫૧ ને સામેથી અથાડી એકસીડન્ટ કરી લોકેશ ઉર્ફે સોનુ લાલુઇ ધારવેનાઓને છાતીના જમણા ભાગે તથા પેટમાં તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી સ્થળ ઉપર મોત નિપજાવી તથા સાહેદ સંદીપ બબલુ

ધારવેનાને જમણા પગે પંજા ઉપર ગંભીર ઈજાઓ પહોંચાડી પોતાના કબજાની ક્રેન સ્થળ ઉપર મુકી નાસી જઈ **ભારતીય ન્યાય સંહીતાની કલમઃ-૨૮૧,૧૨૫(એ)(બી),૧૦૬(૧) તથા એમ.વી. એકટની કલમ – ૧૭૭,૧૮૪,૧૩૪** મુજબનો ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

**(૫)** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના અત્રેની અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**-કારણો-(પુરાવાનું મુલ્યાંકન)**

**(૬)** ફરીયાદપક્ષ તરફે ફરિયાદી સુખલાલ મનસીચાલાલ મંડલોઈનાઓને આંક-૦૮ થી તપાસેલા છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, બનાવ આશરે એક વર્ષ પહેલા બનેલ. તે સમયે તેઓ તેઓના ખેતરે હતા. તેઓને કોઈકનો ફોન આવેલ કે, લોકેશ ઉર્ફે સોનુ તથા સંદીપભાઈ બબલુભાઈનાઓ બાઈક લઈને ઘરે આવતા હતા ત્યારે કોઈક વાહને તેમની સાથે અકસ્માત કરેલ, જેમાં લોકેશ ઉર્ફે સોનુ સ્થળ ઉપર મરણ પામેલ, જ્યારે સંદીપ બબલુનાઓને જમણા પગે ઈજા થયેલી. ત્યારબાદ ૧૦૮ દ્વારા દવાખાને લઈ ગયેલ અને લોકેશની લાશને પી.એમ. કરી આપતા તેના અંતિમ સંસ્કાર કરેલા. જ્યારે સંદીપ ઉર્ફે

બબલુની સારવાર ચાલતી હતી. બનાવની ફરીયાદ તેઓએ આપેલ. આંક–૯ થી તેઓને ફરીયાદની ખરી નકલ બતાવવામાં આવે છે, જેમાં ફરીયાદી તરીકે તેઓની સહી છે જેને તેઓ ઓળખે છે.

ત્યારબાદ સાહેદ ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય વિ. એ.પી.પી. શ્રીની મૌખિક વિનંતી થી સદર સાહેદને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી એ સદર સાહેદની ઉલટતપાસ કરવા છતાં કોઇ મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ તેઓના ઘરે હોય તેઓએ બનાવ નજરો નજર જોયેલ નથી. તેઓ બનાવ સ્થળે પહોંચ્યા ત્યારે ઘણા બધા વાહનો અને માણસો ત્યાં ભેગા થઇ ગયેલા જેથી તેઓ ચોકકસ કહી શકે નહી કે કયા વાહને તેની સાથે અકસ્માત કરેલ. હાલના આ કેસ બાબતે તેઓને તકરાર નથી.

(૭) ફરીયાદપક્ષ તરફે સાહેદ બબલુ બગળીયાભાઇ ધારવેનાઓને આંક–૧૦ થી તપાસેલા છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, બનાવ આશરે એક વર્ષ પહેલા બનેલ. તે સમયે તેઓ તેઓના ઘરે હતા. તેઓને કોઇકનો ફોન આવેલ કે, લોકેશ ઉર્ફે સોનુ તથા સંદીપભાઇ બબલુભાઇનાઓ બાઈક લઈને ઘરે આવતા હતા ત્યારે કોઇક વાહને

તેમની સાથે અકસ્માત કરેલ, જેમાં લોકેશ ઉર્ફે સોનુ સ્થળ ઉપર મરણ પામેલ, જ્યારે સંદીપ બબલુનાઓને જમણા પગે ઈજા થયેલી. ત્યારબાદ ૧૦૮ દ્વારા દવાખાને લઈ ગયેલ અને લોકેશની લાશને પી.એમ. કરી આપતા તેના અંતિમ સંસ્કાર કરેલા. જ્યારે સંદીપ ઉર્ફે બબલુની સારવાર ચાલતી હતી. બનાવની ફરીયાદ સુખલાલે આપેલ. પોલીસે તેઓનો જવાબ લીધેલ. આરોપીને જોયે તેઓ ઓળખતા નથી.

ત્યારબાદ સાહેદ ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય વિ. એ.પી.પી. શ્રીની મૌખિક વિનંતી થી સદર સાહેદને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી એ સદર સાહેદની ઉલટતપાસ કરવા છતાં કોઈ મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ તેઓના ઘરે હોય તેઓએ બનાવ નજરો નજર જોયેલ નથી. તેઓ બનાવ સ્થળે પહોંચ્યા ત્યારે ઘણા બધા વાહનો અને માણસો ત્યાં ભેગા થઇ ગયેલા જેથી તેઓ ચોકકસ કહી શકે નહી કે કયા વાહને તેની સાથે અકસ્માત કરેલ. હાલના આ કેસ બાબતે તેઓને તકરાર નથી.

(૮) ફરીયાદપક્ષ તરફે સાહેદ લાલુભાઈ ભાગડીયા ધારવેનાઓને આંક–૧૪ થી તપાસેલા છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, બનાવ આશરે એક વર્ષ પહેલા બનેલો.તે સમયે તેઓ તેઓના ગામ હતા અને તેઓને જાણવા મળેલ કે તેઓના દીકરા લોકેશ ઉર્ફે સોનુનુ અકસ્માત વડોદરા ખાતે થયેલ છે અને તે મરણ પામેલો છે જેથી તેઓ અને પરીવારજનો વડોદરા ખાતે આવેલ દવાખાને પહોચી ગયેલ અને ડોકટરે તેની લાશ તેઓને સોપતા તેઓ લોકોએ તેના અંતીમ સંસ્કાર કરેલા તેઓના દીકરાનુ એકસીડન્ટ કેવી રીતે થયેલુ તે વાહન કયુ હતુ તથા તેનો નંબર શુ હતો તેમજ તે વાહન કોણ ચલાવતુ હતુ તેની તેઓને કોઈ ખબર નથી. આરોપીને જોઈએ તેઓ ઓળખી શકે નહી.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે  જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ તેઓના ઘરે હોય તેઓએ બનાવ નજરો નજર જોયેલ નથી.

(૯) આ કામે ફરીયાદપક્ષનો પુરાવો જોતાં ફરીયાદી તથા અન્ય સાહેદોના મૌખીક પુરાવા ઉપરથી અકસ્માતનો બનાવ બનેલ હોવાની અને અકસ્માતમાં સાહેદ લોકેશ ઉર્ફે સોનું મરણ પામેલાની અને સાહેદ સંદીપભાઇ બબલુનાઓને ઈજા થયેલ હોવાની હકીકત જણાઇ આવે છે પરંતુ તપાસવામાં આવેલા ફરીયાદી તથા અન્ય સાહેદોને અકસ્માત કરનાર વાહન ચાલક અને અકસ્માત કરનાર વાહનના નંબરની ખબર નથી. વધુમાં મોટર એકસીડન્ટના કેસમાં ગફલતભર્યુ અને

બેદરકારીભર્યું ડ્રાઈવીંગ કરવા બદલ દોષિત ઠરાવવા માટે જે ધોરણો છે તેમાં સૌપ્રથમ ફરીયાદ પક્ષે એમ પુરવાર કરવું જોઇએ કે, આરોપી બનાવ સમયે અકસ્માત કરનાર વાહનનું ડ્રાઈવીંગ કરતો હતો અને સદર ડ્રાઈવીંગ બેદરકારીભર્યું કે ગફલતભર્યું કરતો હતો. પરંતુ આ કામે ફરીયાદી તથા અન્ય સાહેદને અકસ્માત કરનાર વાહનની અને અકસ્માત કરનાર ચાલક અંગે ખબર નથી. વધુમાં ફરીયાદી તથા તપાસવામાં આવેલા અન્ય સાહેદો બનાવ નજરે જોનાર સાહેદ નથી. તે તમામ કર્ણોપકર્ણ સાહેદ છે. આથી આ તમામ સાહેદોના પુરાવા ઉપરથી સદરહું અકસ્માત આ કામના આરોપી દ્વારા કરવામાં આવેલ હોય તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી. વધુમાં ફરીયાદી તથા તપાસવામાં આવેલા અન્ય સાહેદોએ તેઓની ઉલટતપાસમાં આ કેસ બાબતે કોઈ તકરાર ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે.

(૧૦) નામદાર સર્વોચ્ચ અદાલતની કુલ બેંચ દ્વારા સ્ટેટ ઓફ હરિયાણા વિ.શેરસીંગ ૨૦૦૯(૧) ક્રાઇમ્સ પાના નં.પ માં એમ ઠરાવેલ છે કે, "When there was no specific material to show that respondent was driving the vehicle at the time the accident took place and the evidence adduced to link the accused to the alleged crime was scanty, conviction of respondent for causing death of deceased due to rash and negligent driving could no be sustained."

(૧૧) આમ, ઉપરોકત ચર્ચા તથા કાયદાની પરિસ્થિતિ તથા ફરીયાપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા, આ કામના આરોપીએ

તા.૨૦/૦૫/૨૦૨૫ ના કલાક ૧૭–૧૫ વાગ્યે મોજે તુલસીપુરા ગામની સીમમાં સાવલી–હાલોલ જવાના રોડથી તુલસીપુરા તરફ જવાના રોડ ઉપર પોતાની હાયડ્રા ક્રેન નં. જીજે.૦૬. ડીએચ. ૩૧૮૯ ની પુરઝડપે બેફીકરાઇ અને ગફલતભરી રીતે હંકારી મો.સા. નં. જીજે.૦૬.એલએમ. ૭૮૫૧ ને સામેથી અથાડી એકસીડન્ટ કરી લોકેશ ઉર્ફે સોનુ લાલુઇ ધારવેનાઓને છાતીના જમણા ભાગે તથા પેટમાં તેમજ માથાના ભાગે ગંભીર ઇજાઓ પહોંચાડી સ્થળ ઉપર મોત નિપજાવી તથા સાહેદ સંદીપ બબલુ ધારવેનાને જમણા પગે પંજા ઉપર ગંભીર ઇજાઓ પહોંચાડી પોતાના કબજાની ક્રેન સ્થળ ઉપર મુકી નાસી જઇ **ભારતીય ન્યાય સંહીતાની કલમઃ– ૨૮૧,૧૨૫(એ), ૧૨૫(બી),૧૦૬(૧) તથા એમ.વી. એકટની કલમ – ૧૭૭,૧૮૪, ૧૩૪** મુજબનો ગુન્હો કરવામાં આવેલ હોય તેવી કોઇ હકીકત સાબીત થતી નથી. આમ, ફરીયાદપક્ષ આરોપી સામે આક્ષેપાવામાં આવેલ તહોમત પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નીવડેલ હોય, મુદ્દા નં.૧ નકારમાં નિર્ણિત કરી, ન્યાયના હિતમાં મુદ્દા નં.ર માટે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**–:હુકમ:–**

– ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૨૭૧ (૧) અન્વયે આરોપી સેકેન્દ્રકુમા ઉમેશ્વર મહતોનાઓને ભારતીય ન્યાય સંહીતાની કલમઃ– ૨૮૧,૧૨૫(એ)(બી),૧૦૬(૧) તથા એમ.વી. એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪ મુજબના શીક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ

ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

– આરોપીએ ભારતીય ન્યાય સંહીતાની કલમ– ૪૮૧ અન્વયે અપીલ સમય સુધીના રૂ.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) પુરાના જામીન તથા જાત મુચરકો આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૪ ના રોજ, માહે– મે , સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : સાવલી
તારીખ: ૧૪/૦૫/૨૦૨૬

**(અભિજીત કે. માવળંકર)**
એડી.ચીફ જ્યુ. મેજી.
સાવલી
**કોડ નં.** GJ00677

ડી.એ. જાની ગુજ.સ્ટેનો.